| Volume 6 | Issue 2 | NOV. 2023

MAKTABAH JAFARIYAH Knowledge & Research Academy

The International Journal

ISSN 2581-4354

# તર્કશાસ્ત્ર – તત્વજ્ઞાનની તુલના

**FarmanAli S. Davda**

*Assistant Professor, Jafari Arts & Commerce Collage, Sekhpur*

**સાર સંક્ષેપ (Abstract):**

તર્કશાસ્ત્ર એ તાર્કિક વિચારણાનો પદ્ધતિસરનો અભ્યાસ છે. જયારે તત્વજ્ઞાન એ માનવ જે વિશ્વમાં રહે છે તે વિશ્વના સ્વરૂપને લગતાં સમગ્ર મૂળભૂત પ્રશ્નો અંગેની આલોચનાત્મક વિચારણા કરે છે અને માનવ પ્રશ્નોની મૂળભૂત પાયાની માન્યતાઓ શંકાપધ્ધતિથી ચકાસે છે તથા સત્યજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. તેથી તત્ત્વજ્ઞાન એ કોઈ વસ્તુનો નહિ પણ માત્ર 'સત્યજ્ઞાન' કે 'ડહાપણ માટેનો જ પ્રેમ' છે.

**ચાવીરૂપ શબ્દો:** તર્કશાસ્ત્ર, તત્વજ્ઞાન, ગ્રીક ભાષા, વિચારણા

## પ્રસ્તાવના:

કોઈપણ નવા વિષયને સમજવા તેનો અભ્યાસ-વિષય શો છે તે સમજવું જરૂરી છે. આ માટે તે વિષયની વ્યાખ્યા આપવાનું જરૂરી બને છે. વ્યાખ્યા કે લક્ષણ આપવાથી તે વિષયના અભ્યાસ-વિષયનો અને તેના દૃષ્ટિબિંદુનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. તેથી તર્કશાસ્ત્રના અભ્યાસ-વિષયને સ્પષ્ટ કરવા માટે તર્કશાસ્ત્ર અને તત્વજ્ઞાનનો અભ્યાસ-વિષય સમજવાનો પ્રયત્ન કરીશું.

## તર્કશાસ્ત્રનો અભ્યાસ-વિષય (What is Logic?)

તર્કશાસ્ત્ર એક શાસ્ત્ર કે વિજ્ઞાન છે. “વિજ્ઞાન એટલે પદ્ધતિસરના અભ્યાસ દ્વારા પ્રાપ્ત થયેલું અમુક ચોક્કસ વિષયનું એકત્રિત અને વ્યવસ્થિત જ્ઞાન." આ વ્યાખ્યાને આધારે વિજ્ઞાન અંગે નીચેની બાબતો સ્પષ્ટ થશે.

- વિજ્ઞાનનો અભ્યાસ વિષય નિશ્ચિત હોય છે.
- વિજ્ઞાન તેના વિષે અંગે માહિતી આપે છે.
- વિજ્ઞાન દ્વારા પ્રાપ્ત થતી માહિતી પદ્ધતિસરની હોય છે.
- આ માહિતી પ્રમાણભૂત હોય છે.

પ્રત્યેક વિજ્ઞાનને તેનો નિશ્ચિત અભ્યાસ વિષય હોય છે. દા.ત. ભૌતિકશાસ્ત્ર ભૌતિક પદાર્થોનો અભ્યાસ કરે છે. જીવશાસ્ત્ર જીવંત શરીરનો અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્ર આર્થિક પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે. તર્કશાસ્ત્ર પણ એક વિજ્ઞાન છે અને તેનો અભ્યાસ વિષય તાર્કિક વિચારણા છે. આમ, તર્કશાસ્ત્ર એ તાર્કિક વિચારણાનો પદ્ધતિસરનો અભ્યાસ છે.

તર્કશાસ્ત્ર માટે અંગ્રેજી શબ્દ છે ‘લોજિક’ (Logic). આ અંગ્રેજી શબ્દનું મૂળ ગ્રીક ભાષાના શબ્દ ‘લોગોસ’ (Logos)માં રહેલું છે. આ ‘લોગોસ શબ્દના બે અર્થ થાય છે : (1) ભાષા અને (2) વિચારણા “લોગોસ" શબ્દના આ બે અર્થો દર્શાવે છે કે ભાષા અને વિચારણા વચ્ચે ગાઢ સંબંધ છે. બંને એકબીજા

સાથે હંમેશાં સંકળાયેલાં છે. કોઈ પણ વિચારણાને સ્પષ્ટ રીતે રજૂ કરવા માટે ભાષાનો ઉપયોગ કરવો જ પડે છે, આમ છતાં ભાષા અને વિચારણા બન્ને એકબીજાથી ભિન્ન છે. તર્કશાસ્ત્રમાં ભાષાનો નહિ પણ વિચારણાનો અભ્યાસ કરવામાં આવે છે. આમ, તર્કશાસ્ત્રનો અભ્યાસ-વિષય વિચારણા છે. અને વિચારણા હંમેશાં ભાષા દ્વારા વ્યક્ત થતી હોય છે. આ બંને બાબતોને સાંકળીને તર્કશાસ્ત્રની વ્યાખ્યા આપવી હોય તો એરિસ્ટોટલના શબ્દોમાં એમ કહી શકાય કે, "તર્કશાસ્ત્ર એટલે ભાષા દ્વારા વ્યક્ત થતી વિચારણાનું શાસ્ત્ર "

અહીં 'વિચારણા'નો અર્થ 'તાર્કિક વિચારક્રિયા' એવો થાય છે. આમ તો આપણા મનમાં અનેકવિધ તરંગો કે છુટાછવાયા વિચારો ચાલતા હોય છે, પરંતુ આ છૂટાછવાયા વિચારો સાથે તર્કશાસ્ત્રને કોઈ સંબંધ નથી. તર્કશાસ્ત્રમાં તર્કબદ્ધ વિચારક્રિયાનો જ અભ્યાસ થાય છે. આ મુદ્દાની સ્પષ્ટતા માટે ડબલ્યુ ઈ. જૉન્સને આપેલી 'વિચારણા' શબ્દની વ્યાખ્યા જોઈએ. "વિચારણા એટલે સત્યજ્ઞાન પ્રાપ્ત કરવાના હેતુથી કરવામાં આવતી માનસિક પ્રવૃત્તિ' જેને તર્કશાસ્ત્રમાં અનુમાન(Inference) તરીકે પણ ઓળખવામાં આવે છે.

## તત્વજ્ઞાનનો અભ્યાસ-વિષય (What is Philosophy?)

માનવી વિચારશીલ પ્રાણી છે, તે જે કોઈપણ વિષય અંગે વિચાર કરે તેનો પાયો અનુભવ છે. માનવીની વિચારશીલતાએ જ ધર્મ, કલા, વિજ્ઞાન, સંસ્કૃતિ, સમાજ, ટેકનોલોજી વગેરેનું સર્જન કર્યું છે. વિચારો જેમ-જેમ વિકસતા ગયા તેમ તેમ વિષયોમાં પણ નવસર્જનને અવકાશ પ્રાપ્ત થયો. માનવ ચિંતનના અનુભવનું વ્યાપક દૃષ્ટિએ વિશ્લેષણ કરતાં ત્રણ વિભાજનો પ્રાપ્ત થાય છે.

- વ્યક્તિના પોતાના અંગત અનુભવો.
- જગતના અનુભવો.
- જગતના આધારરૂપ ઈશ્વરના અનુભવો.

આ વિભાજનના વિશ્લેપણથી પાયાનું તત્વ અસ્તિત્વમાં આવ્યું તે તત્ત્વજ્ઞાન'. દહીં વલોવી માખણ મળે તેમ વિચારના મંથન અને મનને પરિણામે જે સારુ કે અનુભવનું ભાથું મળે તે 'તત્ત્વજ્ઞાન' તત્ત્વજ્ઞાનને સમજવા તત્ત્વચિંતન કરવું પડે. 'સૌંદર્ય પામતા પહેલાં સુંદર બનવું પડે.' આ ઉક્તિ તત્ત્વજ્ઞાન માટે યથાયોગ્ય છે, તત્ત્વજ્ઞાનને જાણતા પહેલાં આપણે તત્ત્વજ્ઞાની બનવું પડે છે, જેમ પાણીમાં પડ્યા સિવાય તરતાં ન શીખી શકાય, તેમ તત્ત્વજ્ઞાની બન્યા વગર તત્ત્વજ્ઞાન એટલે શું ? એ સમજવું અશક્ય નહીં પણ અઘરું છે. ક્રમશઃ તત્ત્વજ્ઞાન એટલે શું ? તેનાં અર્થ અને વ્યાખ્યાનો સમજવાનો પ્રયત્ન કરીએ.

## તત્ત્વજ્ઞાનનો અર્થ અને વ્યાખ્યા (Meaning and Defination of Philosophy) :

અંગ્રેજી શબ્દ 'Philosophy' મૂળ ગ્રીક શબ્દ Philos અને Sophia પરથી ઉતરી આવેલ છે. તેનો સામાન્ય અર્થ,

Philos = પ્રેમ અને,
Sophia = ડહાપણ કે જ્ઞાન.

આમ, "Philosophy" એટલે "Love of wisdom" અર્થાત 'ડહાપણ કે જ્ઞાન માટેનો પ્રેમ' આમ કહેવાનું તાત્પર્ય એ છે કે જ્ઞાન, માનવ જે વિશ્વમાં રહે છે તે વિશ્વના સ્વરૂપને લગતાં સમગ્ર મૂળભૂત પ્રશ્નો અંગેની આલોચનાત્મક વિચારણા કરે છે અને માનવ પ્રશ્નોની મૂળભૂત પાયાની માન્યતાઓ શંકાપધ્ધતિથી ચકાસે છે તથા સત્યજ્ઞાન પ્રાપ્તિ કરે છે. આમ, તત્ત્વજ્ઞાન એ કોઈ વસ્તુનો નહિ પણ માત્ર 'સત્યજ્ઞાન' કે 'ડહાપણ માટેનો જ પ્રેમ' છે.

આમ, તત્ત્વજ્ઞાન એ ધર્મનું બૌદ્ધિક પાણું છે. ભારતમાં તો તેને ધર્મનું એક અનિવાર્ય અંગ જ ગણવામાં આવે છે. સત્ય અથવા વસ્તુ સ્વરૂપની એ સંયુક્તિક મીમાંસા છે. જીવનની રહસ્યમય ઊંડી સમસ્યાઓના એ સ્પષ્ટ અને સુરેખ ઉકેલ આપે છે. દુ:ખ અને મૃત્યુમાંથી મુક્ત થવાનો અને અમરત્વ તથા શાંતિ પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવે છે. તત્ત્વજ્ઞાનનું બીજ માનવીની વ્યવહારુ આવશ્યકતાઓમાં જ રહેલું છે, માનવી જયારે ચિંતન પરાયણ બને છે ત્યારે અતીન્દ્રિય વિષયો પરત્વે એનામાં

જિજ્ઞાસા જન્મે છે, મૃત્યુનું અને અમરત્વનું રહસ્ય, આત્માનું સ્વરૂપ, શ્રષ્ટા અને સૃષ્ટિએ બધા વિષયો જાણવાની તેનામાં સહજ ઝંખના થાય છે. તત્ત્વજ્ઞાન તેનામાં ઉત્પન્ન થયેલ જિજ્ઞાસાવૃત્તિને સંતોષે છે.

તત્ત્વજ્ઞાન એટલે શું ? એ તાત્ત્વિક પ્રશ્નોના સુનિશ્ચિત અને સર્વમાન્ય એવો એક જ ઉત્તર નથી. તત્ત્વજ્ઞાન એટલે શું આ પ્રશ્નનો પણ સર્વમાન્ય એવી ઉત્તર પ્રાપ્ત થતો નથી. આ પ્રશ્નના કેટલાંક મહત્ત્વના પ્રશ્નો આપણે જોઈએ.

(1) તત્ત્વજ્ઞાન એટલે માણસની જીવનદૃષ્ટિ કે મૂળભૂત માન્યતાઓ.

(2) તત્વજ્ઞાન એટલે મૂળભૂત માન્યતાઓની સમીક્ષા કરતું શાસ્ત્ર.

(3) તત્ત્વજ્ઞાન એટલે વ્યાપક અને સર્વગ્રાહી દૃષ્ટિએ માનવજીવન અને વિશ્વનો અભ્યાસ કરતુ શાસ્ત્ર.

(4) તત્ત્વજ્ઞાન એટલે ડહાપણ.

(5) તત્વજ્ઞાન એટલે તાત્ત્વિક રામસ્યાઓ અને સમસ્યાના ઉકેલોને લગતા સિદ્ધાંતોનું નિરુપણ અને મૂલ્યાંકન કરતું શાસ્ત્ર.

**તર્કશાસ્ત્ર – તત્વજ્ઞાનની તુલના**

તર્કશાસ્ત્ર એ તાર્કિક વિચારણાનો પદ્ધતિસરનો અભ્યાસ છે. જયારે તત્વજ્ઞાન એ માનવ જે વિશ્વમાં રહે છે તે વિશ્વના સ્વરૂપને લગતાં સમગ્ર મૂળભૂત પ્રશ્નો અંગેની આલોચનાત્મક વિચારણા કરે છે અને માનવ પ્રશ્નોની મૂળભૂત પાયાની માન્યતાઓ શંકાપધ્ધતિથી ચકાસે છે તથા સત્યજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. તેથી તત્ત્વજ્ઞાન એ કોઈ વસ્તુનો નહિ પણ માત્ર 'સત્યજ્ઞાન' કે 'ડહાપણ માટેનો જ પ્રેમ' છે. તર્કશાસ્ત્ર માટે અંગ્રેજી શબ્દ છે 'લોજિક' (Logic). આ અંગ્રેજી શબ્દનું મૂળ ગ્રીક ભાષાના શબ્દ 'લોગોસ' (Logos) માં રહેલું છે. આ 'લોગોસ શબ્દના બે અર્થ થાય છે : (1) ભાષા અને (2) વિચારણા "લોગોસ" શબ્દના આ બે અર્થો દર્શાવે છે કે ભાષા અને વિચારણા વચ્ચે ગાઢ સંબંધ છે. જયારે તત્વજ્ઞાન એ અંગ્રેજી શબ્દ 'Philosophy' મૂળ ગ્રીક શબ્દ Philos અને Sophia પરથી ઉતરી આવેલ છે. તેનો સામાન્ય અર્થ, Philos = પ્રેમ અને, Sophia = ડહાપણ કે જ્ઞાન.આમ, "Philosophy" એટલે "Love of wisdom" અર્થાત 'ડહાપણ કે જ્ઞાન માટેનો પ્રેમ' થાય છે.

એરિસ્ટોટલના મત પ્રમાણે એમ કહી શકાય કે, "તર્કશાસ્ત્ર એટલે ભાષા દ્વારા વ્યક્ત થતી વિચારણાનું શાસ્ત્ર" જયારે તત્વજ્ઞાનને વ્યાખ્યાહિત શબ્દોમાં એમ કહી શકાય કે, "તત્વજ્ઞાન એટલે વ્યાપક અને સર્વગ્રાહી દૃષ્ટિએ માનવજીવન અને વિશ્વનો અભ્યાસ કરતું શાસ્ત્ર"

**સારાંશ (Conclusion) :**

ઉપર્યુક્ત લખેલ રીસર્ચ આર્ટીકલ દ્વારા એ જાણવા મળ્યું કે, તર્કશાસ્ત્ર વિચારણાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરતું શાસ્ત્ર છે અને તત્વજ્ઞાન એ માનવ ચિંતનના અનુભવનું વ્યાપક દૃષ્ટિએ વિશ્લેષણ કરે છે અને તેમાં એ પણ જોયું કે તત્વજ્ઞાનના ત્રણ વિભાજનો (૧) વ્યક્તિના પોતાના અંગત અનુભવો, (૨) જગતના અનુભવો, અને (૩) જગતના આધારરૂપ ઈશ્વરના અનુભવો. અને કેટલાક મહત્વના પ્રશ્નો અંગે આલોચના કરવામાં આવી છે. આથી ટૂંકમાં કહી શકાય કે, તત્વજ્ઞાનમાં તર્કશાસ્ત્ર - તત્વજ્ઞાન આપણને સત્યમય જીવન જીવતા શીખવે છે.

**સંદર્ભસૂચી :**


- ડૉ. ધર્મિષ્ઠા એચ. ગોહિલ (2022-23) ‘તત્વજ્ઞાનનો પરિચય અને સિદ્ધાંતો’ અક્ષર પબ્લિકેશન, અમદાવાદ ૩૮૦૦૦૬.
- ડૉ. ધર્મિષ્ઠા એચ. ગોહિલ (2011) ‘તત્વજ્ઞાન અને તત્વજ્ઞાનના સિદ્ધાંતો’ પાશ્વ પબ્લિકેશન, અમદાવાદ ૩૮૦૦૦૧.
- ડૉ. ધર્મિષ્ઠા એચ. ગોહિલ (2014-15) ‘તત્વજ્ઞાનનો પરિચય’ ગર્ગ પબ્લિકેશન, અમદાવાદ ૩૮૦૦૧૪.
- ધોરણ ૧૨ પાઠ્યપુસ્તક, પ્રથમ આવૃત્તિ પ્રકાશક. ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.